માંકડ અટકાવ અને નિયંત્રણ માટે નમૂનારૂપ લેખિત આયોજન; [http://www.sfdph.org/dph/EH/housing/BedBugs.asp](http://www.sfdph.org/dph/EH/housing/BedBugs.asp))

| <u>નિયમ વિભાગ</u> | <u>માલિક દ્વારા અમલીકરણ</u> |
|---|---|
| **1. અટકાવ માટે સામાન્ય જવાબદારીઓ** | |
| માલિક **1.1**<br>મિલકત અંગેની કાર્યવાહી અને જાળવણી માટે જવાબદાર બધા કર્મચારીઓ અથવા કરારબદ્ધ વ્યાવસાયિક મિલકત મેનેજર્સ *નિર્દેશકના નિયમો* સમજે અને તેનું પાલન કરે. | • આ ઈમારતના કર્મચારીઓ નીચેની તારીખોએ નોંધ્યા પ્રમાણે નિર્દેશકના નિયમો સમજે તેવી તાલીમ પામેલા છે: |
| માલિક **1.2**<br>ખાતરી કરો કે કર્મચારીઓ માંકડ અંગેની તાલીમ એવી મેળવે જે DPH માંકડ ઈમારત કર્મચારી તાલીમ અભ્યાસક્રમ (સંદર્ભ: http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.asp) દ્વારા સ્થાપિત લઘુત્તમ વિષયવસ્તુ ધોરણ સાથે સુસંગત હોય, (સંદર્ભ: http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.asp), જેમાં માંકડ અટકાવ ટેકનિક્સ, ઈન્ટરસેપ્ટર્સ જેવા દેખરેખના સાધનોના ઉપયોગ અને સ્થાપન, માંકડની હાજરીને ઓળખવા માટેની નિરીક્ષણ પદ્ધતિઓ, હાઉસકીપિંગ અને ઈમારત જાળવણી વિધિઓ, ઈમારત માટે ફરિયાદ નોંધણી અને પ્રતિસાદ પ્રોટૉકૉલ્સ, જેઓ પોતાની જાતે ઉપચાર માટે તેમના એકમને તૈયાર ન કરી શકે તેવા ભાડૂતોને મદદ કરવા માટે | • ઉપરોક્ત ઈમારતના કર્મચારીઓની મારી તાલીમમાં નીચેની વિષયવસ્તુનો સમાવેશ થતો હતો: |

| | |
|---|---|
| ભલામણ કાર્યવિધિ તેમજ બધા અસરકારક માંકડ ઉપચાર અને નિયંત્રણ વિકલ્પોનો સમાવેશ થાય છે પરંતુ તે માત્ર તેના પૂરતાં જ મર્યાદિત નથી. | |
| માલિક **1.4**<br>ટૂંકા ગાળાના આધાર પર ભાડે આપેલા એકમોએ (એટલે કે દૈનિક, સાપ્તાહિક અથવા 30 દિવસથી ઓછો સમય):<br>• ઓછામાં ઓછા દર મહિને માંકડની હાજરી માટે દેખરેખ માટેના સાધનો મૂકવા અને અવલોકવા જોઈએ.<br>• સુનિશ્ચિત કરવાનું રહેશે કે PCO અથવા માંકડને ઓળખવા માટે તાલીમ પામેલા કર્મચારીઓ દ્વારા દેખરેખ કરવામાં આવશે.<br>• વિનંતી કરવા પર DPH સ્ટાફને દેખરેખના રેકર્ડ્સ આપવા. | • ટૂંકા ગાળાના લીઝ માટે અમારો પ્રતિક્રિયાત્મક દેખરેખ પ્રોટોકૉલ નીચે પ્રમાણે છે (સ્થાનો, આવૃત્તિ, ઉપયોગમાં લેવાયેલા સાધનોના નામ આપો): |
| માલિક **1.6**<br>• માંકડના આશ્રય અને સ્થળાંતરને અટકાવવા માટે સમાંતર રહેણાંક એકમોની વચ્ચે બધી તિરાડો અને તડ ઓળખીને સીલ કરો. | • સમાંતર રહેણાંક એકમોની વચ્ચે માંકડના આશ્રય અને સ્થળાંતરને અટકાવવા માટે અમારી હાઉસકીપિંગ અને ઈમારત દેખભાળ વિધિઓ નીચે પ્રમાણે છે: |
| માલિક **1.7**<br>ચટ્ટાઈઓ બે બૉક્સ સ્પ્રિંગની સગવડ ધરાવતાં એકમોએ:<br>• મૂવ-ઈન વખતે માંકડ નિયંત્રણ માટે બનાવવામાં આવેલા | • અમે નીચે પ્રમાણે માંકડરોધક આવરણો પૂરા પાડ્યા છે: |

| | |
|---|---|
| ટકાઉ માંકડરોધક શ્વસનક્ષમ એન્કેસમેન્ટ કવર પૂરા પાડો જે પૂરી પાડવામાં આવેલી ચટ્ટાઈઓ અને બૉક્સ સ્પ્રિંગમાંથી 100%ને આવરી લેતાં હોય.<br>• સામાન્ય ઘસારાને કારણે ટકાઉ સાબિત ન થયા હોય તેવા આવરણો દૂર કરો. | |
| માલિક **1.8** અને **1.9**<br>• માંકડના પર્યાક્રમણનાં ચિહ્નો અને લક્ષણો અંગે બધા ભાડૂતો અને લીઝધારકોને માહિતી પૂરી પાડો, જેમાં માંકડની ઓળખ, અટકાવ અને નિયંત્રણનો સમાવેશ થાય છે પરંતુ તે માત્ર તેના પૂરતા મર્યાદિત નથી, દાખલા તરીકે, DPH ભાડૂત માંકડ નિયંત્રણ માર્ગદર્શિકાઓ (સંદર્ભ: DPH-દ્વારા પૂરી પાડેલ ત્રિભાષીય માર્ગદર્શિકાઓ http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.asp) ખાતે છે<br>• ભાડૂતોને *DPH સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ નોંધણી પત્રક* (http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.asp), તેમજ મિલકત ખાતે માંકડના શંકાસ્પદ ઉદભવ અંગે જાણ કરવા માટે લેખિત સૂચના પૂરી પાડો. | • અમે બધા ભાડૂતો અને લીઝધારકોને આ તારીખે માંકડ અટકાવ શિક્ષણ અને *DPH સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ નોંધણી પત્રક* પૂરા પાડ્યા છે: |
| 1.10 *સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ પ્રતિસાદ નોંધવહી*<br>• માંકડ અહેવાલના વર્તમાન પ્રતિસાદ પર નજર રાખવા | • અમારી સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ પ્રતિસાદ નોંધવહીઓ ________________________________દ્વારા આ |

| | |
|---|---|
| માટે નોંધવહી જાળવો (http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.aspખાતે પ્રજનન માટેનું ટેમ્પલેટ) (એટલે કે ખરાઈનું નિરીક્ષણ અને સમાંતર એકમોનું નિરીક્ષણ, ભાડૂતોને નોટિસ, એકમ તૈયારી નિરીક્ષણ, સારવારનો પ્રકાર, સ્થાન અને તારીખો, ફૉલો-અપ નિરીક્ષણો.<br>• જરૂરી નિરીક્ષણો અને સારવારો થયા છે તેની ખરાઈ કરવા માટે અને પ્રત્યાક્રમણને નિર્મૂળ કરવા માટેના ચાલી રહેલા પ્રયત્નો અંગે નોંધ કરવા માટે DPH નિયામક સ્ટાફને નોંધવહી પૂરી પાડો. | સ્થાને________________________________ રાખવામાં આવી છે. |
| **2.** માંકડોના ભાડૂત અહેવાલ બાદની કાર્યવાહીઓ | |
| માલિક **2.1 and 2.2**<br>માંકડ અંગે ભાડૂતનો અહેવાલ મેળવવા પર:<br>• માંકડ અંગે ભાડૂતની ફરિયાદ મળ્યાના બે ચાલુ દિવસની અંદર ભાડૂતને નોંધાયેલ ફરિયાદની એક નકલ *DPH ઉપચાર પહેલાં એકમની તૈયારી માટે પ્રમાણિત સૂચનાઓ* પૂરી પાડો (ત્રિભાષિય ટેમ્પ્લેટ અહીં ઉપલબ્ધ છે http://www.sfdph.org/dph/EH/Housing/BedBugs.asp).<br>• *સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ પ્રતિસાદ નોંધવહી*નો ઉપયોગ કરીને ભાડૂતની ફરિયાદ પ્રત્યે હાલ ચાલી રહેલ પ્રતિસાદ | • અમારો ફરિયાદ પ્રતિસાદ પ્રોટોકૉલ નીચે પ્રમાણે છે: (ભાડૂત કોને ફરિયાદ આપે છે, કોણ પ્રતિસાદ આપે છે, કોણ એકમની તૈયારી માટે પ્રમાણિત સૂચનાઓ આપે છે વગેરેના નામ આપો.) |

| | |
|---|---|
| નોંધો. | |
| માલિક **2.4, 2.5 and 2.6**<br>• ભાડૂતનો *માંકડ ફરિયાદ અહેવાલ* મેળવ્યાના બે ચાલુ દિવસની અંદર ભાડૂતની ફરિયાદની તપાસ કરવા માટે PCO સાથે કરાર કરો. નિરીક્ષણ PCO દ્વારા થવું જોઈએ. કરારબદ્ધ નિરીક્ષણ સેવાઓ સમયસર પૂરી પાડવામાં આવશે.<br>• સુનિશ્ચિત કરો કે PCO બધા એકમો અથવા શરૂમાં નોંધાયેલ રહેણાંક એકમની નજીકના બધા એકમો (એટલે કે તેની ઉપર, નીચે, પાસે અને સામસામે)નું નિરીક્ષણ કરે. માંકડનું પ્રત્યાક્રમણ જેમાં જણાયું હોય તેવા પાસેના એકમો શરૂઆતના રહેણાંક એકમ માટે જરૂરી હોય તેવી સમાન ઉપશમન ક્રિયાઓમાં દાખલ કરવામાં આવશે અને સમાન ફરિયાદ પ્રતિસાદ નોંધવહીમાં ટ્રૅક કરવામાં આવી શકે છે.<br>• ખાતરી કરો કે તપાસ કરાયેલા એકમોમાં બધા ભાડૂતો PCO નિરીક્ષણ અહેવાલ મેળવ્યાના એક ચાલુ દિવસની અંદર તેમના એકમ સાથે સંબંધિત PCOના તારણોની નોટિસ મેળવે. સામાન્ય વિસ્તારોમાં તારણો માટે ખાતરી કરો કે બધા ભાડૂતો PCOના તારણોની નોટિસ મેળવે. | • ભાડૂતની ફરિયાદની ખરાઈ કરવા માટે મારો પ્રમાણિત પ્રોટોકૉલ નીચે પ્રમાણે છે, જેમાં કરારબદ્ધ PCOને મારી સૂચનાઓનો પણ સમાવેશ થાય છે: |

| **3.** પ્રત્યાક્રમણની ખાતરી બાદ ઉપચાર માટેની તૈયારી | |
|---|---|
| માલિક **3.1**<br>• ફરિયાદની ખરાઈના બે દિવસની અંદર અનુવર્તી સારવાર માટે PCO સેવાઓ જાળવો (એકમની તૈયારી બાદ અને PCOની ઉપલબ્ધતા બાદ ઉપચાર થશે).<br>• રહેણાંક એકમ(મો) અથવા સામાન્ય વિસ્તારમાં માંકડના પ્રત્યાક્રમણની ખાતરી કરતાં અહેવાલ મળ્યાના બે ચાલુ દિવસની અંદર જ્યાં માંકડની હાજરીની ખરાઈ થઈ હોય તેવા બધા એકમોમાં માંકડ અને તેમના ઈંડાને દૂર કરવા માટેના ઉપચાર માટે PCO સાથેનો કરાર, બધા સામાન્ય બેઠક વિસ્તારો, કચરા સંગ્રહ ઓરડાઓ, હૉલવે અને લૉન્ડ્રી રૂમ સહિત.<br>• કરારબદ્ધ સેવાઓ સમયસર પૂરી પાડવામાં આવશે જે ભાડૂત એકમની તૈયારી માટે પૂરતો સમય આપશે.<br>• ખાતરી કરો કે PCO બધી તિરાડ, બેઝબૉર્ડ, બારીના સિલ, પથારીની ફ્રેમ, ચટ્ટાઈ, બૉક્સ સ્પ્રિંગ, ફર્નિચર અને ક્લોઝેટ અથવા અન્ય ઓળખાયેલ આશ્રય સ્થાનોનો ઉપચાર કરે. | • મારો PCO કરાર ઉપચારના નીચેના વ્યાપને સૂચવે છે: |
| માલિક **3.2** | • ઉપચાર માટે ભાડૂતોને તેમના એકમ તૈયાર કરવા માટે |

| | |
|---|---|
| • ચોક્કસ ઉપચારની તારીખ અને PCO દ્વારા પૂરી પાડવામાં આવેલ એકમની તૈયારીની તપાસયાદી પહેલાં એકમની તૈયારી માટે ભાડૂતની જવાબદારી સૂચવતી ઓછામાં ઓછી બે ચાલુ દિવસની લેખિત નોટિસ બધા અસરગ્રસ્ત ભાડૂતોને આપો. નોટિસમાં એવી માહિતીનો સમાવેશ થાય છે કે માંકડથી પ્રત્યાક્રમિત વ્યક્તિગત ચીજો કે નિકાલ માટે નિર્દિષ્ટ કરાયેલ ફર્નિશિંગ PCO દ્વારા એકમ ઉપચાર પહેલાં દૂર કરવામાં આવશે નહીં તેમાં લૉન્ડ્રીમાં નાંખવામાં આવનાર બૅગમાં મૂકેલા કપડાં અને PCOએ જે ચીજો બૅગમાં મૂકીને ઑફસાઈટ ઉપચાર માટે દૂર કરવાનો આદેશ આપ્યો હોય તે અપવાદરૂપ છે. | નિર્દેશિત કરતી મારી તેમને મોકલેલી લેખિત નોટિસમાં નીચેનાનો સમાવેશ થાય છે: |
| માલિક **3.3**<br>• ભાડૂતોને આ ચીજો પૂરી પાડો:<br>- ટકાઉ, સીલ કરી શકાય તેવી ચોખ્ખી પ્લાસ્ટિક બૅગ્ઝ જેનો લૉન્ડ્રીમાં કપડાં મૂકાય તે પહેલાં અને ત્યારબાદના સમય માટે અલગ બૅગિંગ માટે ઉપયોગ થાય (લૉન્ડ્રીમાં મૂકાયેલા કપડાં કે જે નવી ચોખ્ખી સીલ કરેલી પ્લાસ્ટિક બૅગમાં મૂકાયા હોય તે ચીજોના પુન:પ્રત્યાક્રમણને ટાળશે),<br>- (વૈકલ્પિક) લૉન્ડ્રી રૂમમાં પ્રત્યાક્રમિત ચીજોનું વહન | • ભાડૂતોને તેમના કપડાં ધોવા અંગેની જવાબદારી તથા જેમને સહાયતાની જરૂર હોય તેવા લોકો માટે સંસાધનોની યાદી વિશે નીચેના પુરવઠાઓ, સૂચનાઓ હું ભાડૂતોને પૂરા પાડું છું: |

| | |
|---|---|
| કરવા માટે પાણીમાં ઓગળી શકે તેવી લૉન્ડ્રી બૅગ્ઝ.<br>• ભાડૂતોને બધી પરંતુ જરૂરી ચીજો સીલ કરેલી બૅગમાં રાખવાની સલાહ આપો જે એકથી વધુ સારવાર સમયગાળા દરમિયાન વ્યવહારૂ હોય ત્યાં સુધી.<br>• જરૂર પડે તે પ્રમાણે બધા ભાડૂતોને સાર્વજનિક રીતે સમર્થિત અને ઓછા ભાવના સંસાધનોની યાદી પૂરી પાડો જે સંભવિતપણે તેમને એકમની તૈયારી અને લૉન્ડ્રી સેવામાં મદદ કરે<br>• તબીબી રીતે નોંધાયેલ અપંગતાઓ ધરાવતા ભાડૂતો માટે જરૂરી રહેઠાણ પૂરું પાડવા માટે લાગુ પડતાં શહેર અને પરગણાનાં, રાજ્ય અને ફેડરલ કાનૂન દ્વારા જરૂરી હદ સુધી જરૂરી સહાયતાની ગોઠવણ કરો (દા.ત. રૂમની તૈયારી, વૈકલ્પિક પેસ્ટ ઉપચાર અંગે મદદ). | |
| માલિક **3.4**<br>• ઉપચાર પહેલાં પ્રત્યાક્રમિત રહેણાંક એકમોમાંથી કોઈપણ ચીજો દૂર કરવામાં આવે તેની મંજૂરી ન આપો જેથી પરિસરની અંદર અન્ય વિસ્તારોમાં માંકડના પ્રસારણને અટકાવી શકાય, જેમાં લૉન્ડ્રીમાં નાંખવામાં આવનાર બૅગ્ડ કપડાં અને PCOએ જે ચીજો બૅગમાં મૂકીને ઑફસાઈટ ઉપચાર માટે દૂર કરવાનો આદેશ આપ્યો હોય તે | • નીચે પ્રમાણે ઉપચાર પહેલાં ભાડૂતોને તેમના એકમમાંથી સંભવિતપણે પ્રત્યાક્રમિત ચીજો દૂર ન કરવા માટે હું જાણ કરું છું: |

| | |
|---|---|
| અપવાદરૂપ છે. | |
| **4.** ઉપચાર માટે ભાડૂત અને **PCO** કાર્યવાહીઓનો સમન્વય: | |
| માલિક **4.1**<br>• ઉપચાર થાય તેની ચોક્કસ તારીખ અને સમય, જે ઉપચાર થવાનો હોય તે તથા ભાડૂતે તેમના એકમમાંથી જેટલો સમય ગેરહાજર રહેવું પડે તે સમયગાળા અંગે ભાડૂતોને પ્રત્યેક ઉપચાર પહેલાં ઓછામાં ઓછા બે ચાલુ દિવસ પહેલાં જાણ કરો. | • આ ઉપચાર અંગેનું નિવેદન છે જે હું ભાડૂતોને પૂરૂં પાડું છું: |
| માલિક **4.3**<br>• પ્રત્યારોપણના પુન:ઉદભવને અટકાવવા માટે PCO સારવાર પૂરી થયા બાદ દીવાલ, છત અને ફર્શમાં કોઈપણ બાકી રહેતા પ્રવેશના બિંદુઓ સીલ કરો. | • PCO સારવાર બાદ પ્રવેશ બિંદુઓ સીલ કરવા માટે આ અમારો પ્રોટોકૉલ છે (ઈમારતનાં કર્મચારીઓ, વપરાયેલી ચીજોના નામ આપો): |
| **5.** પર્યાક્રમિત પદાર્થોના ઉપચાર બાદના નિકાલનો સમન્વય: | |

| | |
|---|---|
| માલિક **5.2**<br>• એ ખાતરી કરવા ઈચ્છો કે PCO દ્વારા નિકાલ માટે નિર્દિષ્ટ બધી ચીજો જેમ કે ભારે પ્રત્યાક્રમિત ચદ્દાઈઓ, ફર્નિશિંગ અને ભાડૂતની વ્યક્તિગત વસ્તુઓનો પ્રથમ PCO દ્વારા U.S. EPAની જંતુનાશક લેબલ સૂચનાઓ પ્રમાણે ઉપચાર થયો હોય (એટલે કે જરૂરી સંખ્યામાં ઉપચાર), ત્યારબાદ ડબલ બૅગમાં મૂકાય અને નિકાલ પહેલાં માંકડથી પ્રત્યાક્રમિત છે તેવું લેબલ મારવામાં આવે જેથી આ ચીજો સાઈડવૉક કે ડ્મ્પસ્ટરમાંથી પુન:ઉપયોગ માટે ઉપાડવાનું પ્રોત્સાહન ન મળે.<br>• ભાડૂતોને જાણ કરો કે ફેંકી દેવાયેલી ચીજોનો ઉપચાર થયો હોય તો પણ તેનું રિસાયક્લિંગ કે પુન:વેચાણ ન થવું જોઈએ.<br>• નિકાલ માટે નિર્દિષ્ટ પર્યાક્રમિત વ્યક્તિગત ચીજો માટે ઉપયોગ થાય તે માટે ટકાઉ અને સીલ કરી શકાય તેવી પ્લાસ્ટિક બૅગ્ઝ ભાડૂતોને પૂરી પાડો. | • PCO દ્વારા નિકાલ માટે નિર્દિષ્ટ ચીજોનો યોગ્ય રીતે ઉપચાર કરવામાં આવે, ડબલ બૅગમાં મૂકવામાં આવે અને લેબલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે હું ભાડૉઓતોને આ માહિતી આપું છું: |
| **6.** **માંકડ પ્રત્યાક્રમણના ઉપશમન અંગે ખરાઈ અને સંવાદ :** | |
| માલિક **6.1 and 6.2**<br>• ખાતરી કરો કે અસરકારક સારવાર સુનિશ્ચિત કરવા માટે | • આ તાલીમ પામેલ ઈમારતના કર્મચારીઓ નીચે પ્રમાણે 6 અઠવાડિયાની દેખરેખનાં પ્રોટોકૉલનું સંચાલન કરે છે: |

| | |
|---|---|
| ઓછામાં ઓછા છ અઠવાડિયા માટે દેખરેખના સાધનોનો ઉપયોગ થાય.<br>• માત્ર તાલીમ પામેલ કર્મચારી અથવા PCOને દેખરેખ સાધનો મૂકવા દો.<br>• તાલીમ પામેલ કર્મચારી અથવા તો PCO દ્વારા દેખરેખના સાધનોનું સમયાંતરે નિરીક્ષણ પૂરૂં પાડો.<br>• દેખરેખના સાધનના સમયાંતરે નિરીક્ષણને નોંધવા માટે *સાન ફ્રાંસિસ્કો માંકડ ફરિયાદ પ્રતિસાદ નોંધવહી*નો ઉપયોગ કરો.<br>• વિનંતી કરવા પર સમીક્ષા માટે DPH નિયામક સ્ટાફ અને અસરગ્રસ્ત ભાડૂતોને નોંધવહી પૂરી પાડો. | |
| માલિક **6.3**<br>• જો દેખરેખમાં માંકડની વધુ હાજરી ન જણાય તો છ અટઃઅવાડિયાના દેખરેખના સમયગાળાના સમાપન વખતે અસરગ્રસ્ત ભાડૂતોને લેખિત નોટિસ પૂરી પાડો કે ઉપશમન થઈ ગયું છે.<br>• જો દેખરેખમાં માંકડની સતત હાજરી જણાય તો અસરગ્રસ્ત ભાડૂતોને લેખિત નોટિસ પૂરી પાડો કે *નિર્દેશકના નિયમો*ના વિભાગ માલિક 3.1માં સૂચવ્યા પ્રમાણે સારવાર માટે તૈયારી ફરીથી કરવામાં આવશે. | • છ અઠવાડિયાના દેખરેખ સમયગાળાના સફળ સમાપન બાદ મેં પૂરી પાડેલા આ લેખિત નોટિસ છે: |

માંકડ અટકાવ અને નિયંત્રણ માટે નમૂનારૂપ લેખિત આયોજન; *http://www.sfdph.org/dph/EH/housing/BedBugs.asp*)

| | |
|---|---|